# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-08-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- ❖ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં અવકાશ ક્ષેત્રમાં સુધારાની પ્રશંસા કરી- પેરિસ પેરાઓલિમ્પિક ખેલાડીઓનો ઉત્સાહ વધારવા દેશવાસીઓને અપીલ કરી...
- ❖ પ્રધાનમંત્રીએ 11 લાખ નવી લખપતિ દીદીઓને પ્રમાણપત્રો એનાયત કર્યા- ગુજરાત સહિત દેશમાંથી હજારો સ્થળોએથી લોકો વર્ચુઅલ માધ્યમથી જોડાયા..
- ❖ રાજ્યમાં ઉપરવાસમાં ભારે વરસાદને કારણે મોટાભાગના ડેમો ઓવરફ્લો થયા- નીચાણવાળા વિસ્તારના લોકોને સાવચેત રહેવા અપીલ કરાઇ..
- ❖ રાજ્યમાં આજે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ- કચ્છ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં આવતીકાલથી ત્રણ દિવસ હવામાન વિભાગનું રેડ એલર્ટ...
- ❖ સાતમ- આઠમ લોકમેળાના હર્ષોલ્લાસ સાથે આવતીકાલે જન્માષ્ટમી પર્વે ભગવાન કૃષ્ણને વધાવવા ભક્તોમાં અનેરો ઉત્સાહ..

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MAAN KI BAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, દેશના યુવાનોને અંતરિક્ષ ક્ષેત્રે સુધારાથી ઘણો ફાયદો થયો છે. આકાશવાણી પરથી પ્રસારિત થયેલા મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધન કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, દેશમાં ઘણું એવું થઈ રહ્યું છે જેનાથી વિકસિત ભારતના પાયા મજબૂત બની રહ્યા છે.

તેમણે રાષ્ટ્રીય અવકાશ દિવસનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, આ મહિનાની 23 તારીખે દેશવાસીઓએ પહલો રાષ્ટ્રીય અવકાશ દિવસ અને ચંદ્રયાન -3ની સફળતાનો ઉત્સવ ઉજવ્યો. શ્રી મોદીએ કહ્યું કે આ વર્ષે લાલ કિલ્લા પરથી યુવાનોને રાજકારણમાં જોડાવવાના તેમના અહ્વાનને બહોળો પ્રતિસાદ મળ્યો છે.

હર ઘર તિરંગા ઝુંબેશ વિશે વાત કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, જમ્મૂ કાશ્મીરના રિયાસીમાં વિશ્વના સૌથી ઉંચા પૂલ, ચિનાબ રેલવે પૂલ ઉપર 750 મીટર લાંબી તિરંગા યાત્રા કાઢવામાં આવી. જ્યારે અરૂણાચલ પ્રદેશના કામેંગ જિલ્લામાં 600 ફૂટ લાંબી તિરંગા યાત્રા નીકળી હતી. આ રીતે દેશના અન્ય રાજ્યોમાં દરેક વયના લોકો તિરંગા યાત્રામાં જોડાયા હતા.

શ્રી મોદીએ કહ્યું કે આ અભિયાને સમગ્ર દેશને એક સૂત્રમાં બાંધ્યો છે, અને આ જ એક ભારત, શ્રેષ્ઠ ભારત છે. પ્રધાનમંત્રી મોદીએ લોકોને ‘કેચ ધી રેન મૂવમેન્ટ’ અને ‘એક પેડ માકે નામ’ ઝુંબેશમાં ભાગ લેવાનો અનુરોધ કર્યો હતો.

એક દિવસ પૂર્વે આયોજીત વિશ્વ સંસ્કૃત દિવસ વિશે વાત કરતા શ્રી મોદીએ જણાવ્યું કે, લિથુએનિયાના પ્રોફેસર વાયતિસ વિદ્દનાસે ‘સંસ્કૃત ઑન ધી રિવર્સ’ નામ આપ્યું છે.  પ્રધાનમંત્રી મોદીએ પેરિસ પેરાલિમ્પિકનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, દેશના એકસો ચાળીસ કરોડ નાગિરકો ભારતીય ખેલાડીઓનો

ઉત્સાહ વધારી રહ્યા છે. તેમણે લોકોને હેશ ટેગ ચીયર ફોર ભારત સાથે ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા જણાવ્યું.

વધુમાં તેમણે જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, ઓણમ, મિલાદ-ઉન-નવી અને તેલુગુ ભાષા દિવસની શુભેચ્છા પાઠવી હતી.

# PM LAKHPATI DIDI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મહારાષ્ટ્રના જલગાંવમાં લખપતિ દીદી મહાસંમેલનમાં 11 લાખ નવી લખપતી દીદીઓને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા. ગુજરાત સહિત દેશમાંથી અંદાજે ત્રીસ હજાર સ્થળોએથી લોકો વર્ચ્યૂઅલ માધ્યમથી આ કાર્યક્રમમાં જોડાયા હતા. એનડીએ સરકારના ત્રીજા કાર્યકાળમાં હાલમાં 11 લાખ જેટલી નવી લખપતિ દીદી બની હોવાનું પ્રધાનમંત્રીએ જણાવ્યુ હતું...

**(બાઇટ- પીએમ મોદી)**

કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રીએ સામુદાયિક મુદ્રા ભંડાર માટે અઢી હજાર કરોડ રૂપિયા જાહેર કર્યા હતા. જેમાંથી ચાર લાખ ત્રીસ હજાર સ્વયંસેવી સમૂહોના લગભગ 48 લાખ સભ્યોને લાભ થશે. પ્રધાનમંત્રીએ પાંચ હજાર કરોડ રૂપિયાની બૅંક લોન પણ જાહેર કરી, જેનાથી બે લાખ, 35 હજાર, 400 સ્વયંસેવી સમૂહોના 25 લાખ, 80 હજાર સભ્યોને લાભ થશે.

માંડવી ખાતે આદિજાતિ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિની અધ્યક્ષતામાં સ્વસહાય જૂથની મહિલાઓ સાથે લખપતિ દીદી સન્માન કાર્યક્રમ યોજાયો.. સુરત જિલ્લાની લખપતિ દીદી તરીકે ૧ હજાર સ્વસહાય જૂથની બહેનોનું સન્માન કરી પ્રમાણપત્રો અર્પણ કરાયા..સુરત જિલ્લાની ૨૮૦ સ્વસહાય જૂથની બહેનોને  બે કરોડ ૭૬ લાખના લાભો વિતરણ કરાયું..

મહિસાગર જિલ્લામાં જિલ્લા પંચાયતની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં લખમતી દીદી પ્રમાણપત્રો એનાયત કરાયા હતા.

## (બાઇટ- નિર્મળાબહેન, લખપતી દીદી)

જુનાગઢ કલેકટર કચેરીના સેમિનાર હોલ ખાતે લખપતિ દીદી કાર્યક્રમ યોજાયો. તેમજ બે બહેનોને લખપતિ દીદીનું પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવ્યું હતું.

## (બાઈટ- મકવાણા મધુબેન લખપતિ દીદી)

અમારા પંચમહાલના પ્રતિનિધી પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે, રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત લખપતી દીદી સંમેલનમાં સ્વસહાય જૂથોની મહિલાઓને સહાય ચેકનું વિતરણ કરાયું હતું.

મહેસાણા જિલ્લા પંચાયતના હોલમાં 10 કરોડ 50 લાખ રૂપિયાની વિવિધ ફંડ સહાયના ચેક વિતરણ કરાયા.

તો ભૂજ ખાતે ટાઉનહોલમાં આયોજીત કાર્યક્રમમાં ધારાસભ્ય કેશુભાઈ પટેલની ઉપસ્થિતિમાં સ્વય સહાય જૂથોને સહાય ચેકનું વિતરણ કરાયું.

આ ઉપરાંત વડોદરા, બનાસકાંઠા, સાબરકાંઠા, ખેડા, પાટણ, દાહોદમાં પણ કાર્યક્રમ અંતર્ગત લખપતિ દીદી પ્રમાણપત્રો અને સહાયનું વિતરણ કરાયું.

# GUJ. DAM UPDATE

મધ્યપ્રદેશમાં ઉપરવાસમાં પડી રહેલા ભારે વરસાદને કારણે તેમજ ઓમકારેશ્વર બંધમાંથી છોડવામાં આવી રહેલ પાણીને કારણે સરદાર સરોવર બંધની સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. જેને કારણે આજે બપોરે સરદાર સરોવર ડેમનાં ૧૫ દરવાજા ૧.૬૫ મીટર પહેલી વાર ખોલવામાં આવ્યા. સરદાર સરોવર બંધમાંથી કુલ 2 લાખ 12 હજાર કયુસેક પાણી છોડવામાં આવ્યુ છે. સત્તાવાળાઓએ નર્મદાના કાંઠા વિસ્તારના 28 ગામોને એલર્ટ કર્યા છે. દરમિયાન, સરદાર સરોવર નર્મદા ડેમની જળસપાટીમાં છેલ્લા 24 કલાકમાં 27 સેન્ટીમીટરનો વધારો નોંધાયો છે. હાલ ડેમની જળ સપાટી 135.30 મીટર પર પહોંચી છે.

તો નર્મદામાં આવેલો વિયર ડેમ પણ ઓવરફ્લો થયો છે.

ડેડીયાપાડા સાગબારાના ઉપરવાસમાં પાણીની ભારે આવક થતા કરજણ ડેમના પાંચ દરવાજા ખોલાયા છે. કરજણડેમના હેઠવાસમાં આશરે **54** હજાર **962** ક્યુસેક્સ પાણીની જાવક થઇ છે.. કરજણ ડેમની સપાટી હાલ **110.39** મીટર છે.

તાપીના ઉકાઈ ડેમના 15 દરવાજા ખોલી 1 લાખ 94 હજાર ક્યુસેક પાણી તાપી નદીમાં છોડવામાં આવી રહ્યું છે, જેને કારણે તાપી નદી બે કાંઠે વહેતી થઇ છે. વહીવટી તંત્ર દ્વારા નદી કિનારીની આસપાસના ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા અપીલ કરાઇ છે.

છોટા ઉદેપુરના ક્વાંટ તાલુકાનો રામી ડેમ 97 ટકા ભરાતા એલર્ટ પર રખાયો છે.

મહેસાણા જિલ્લાના ધરોઈ ડેમમાં 3 હજાર 56 ક્યુસેક પાણીની આવક થઈ છે. હાલ ડેમની સપાટી 603. 95 ફૂટ પર છે.

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકા પાસે આવેલ ડોંડી જળાશય સંપૂર્ણ ભરાતા ડેમનો એક દરવાજો  ખોલવામાં આવ્યો છે.

વલસાડ જિલ્લાની દમણ ગંગા નદીની જળસપાટી **76** મીટરે પહોંચી છે અને ડેમના **10** દરવાજા **2** મીટરે ખોલવામાં આવ્યા છે...

વડોદરાના દેવ ડેમની સપાટી વધતાં જળાશયના ત્રણ દરવાજા ખોલી દેવાયા છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પાણી છોડાતા વાઘોડિયા અને ડભોઈ તાલુકાના ૨૬ ગામોના લોકોને સાવચેત કરાયા છે.

# RAIN OVERALL+ AAGAHI

રાજ્યભરમાં આવતીકાલથી ત્રણ દિવસ ક્યાંક ભારેથી અતિભારે તો કેટલાક જીલ્લાઓમાં મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે.. હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત સહિત કચ્છ અને સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગરમાં તો

દમણ- દાદરાનગર હવેલીમાં ભારે વરસાદની આગાહીને પગલે રેડ એલર્ટ જાહેર કર્યું છે. તો આણંદ અને વડોદરામાં પણ બે દિવસ બાદ ભારે વરસાદ પડે તેવી શક્યતા દર્શાવી છે.

દક્ષિણ ગુજરાતમાં આજે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. વલસાડ જિલ્લામાં છેલ્લા બે દિવસથી બારે મેઘ ખાંગાની સ્થિતિ સર્જાઈ છે.. જેથી, નદી નાળાઓ છલકાઇ ગયા છે અને જિલ્લાની તમામ લોકમાતાઓ બંને કાંઠે વહેતા ઘોડાપૂર આવ્યા હતા.. વલસાડ તાલુકામાં 7 ઇંચ, ધરમપુરમાં 6 ઇંચ, પારડીમાં 5 ઇંચ, કપરાડામાં 6 ઇંચ, ઉમરગામમાં 2 અને વાપીમાં 5 ઇંચ વરસાદ નોંધાયો હતો.. ભારે વરસાદને કારણે જીલ્લાના અંદાજે 116 જેટલા રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સ્થળાંતરિત કરાયા છે. તેમજ નદીનાળાઓ પરથી પસાર થતાં ભારે વાહનોને નદી નહીં ઓળંગવા માટે તંત્ર દ્વારા તાકિદ કરવામાં આવી છે.

નવસારીના ખેરગામમાં ભારે વરસાદ પડી રહ્યો છે. મૂશળધાર વરસાદને પગલે પૂર્ણા નદી ગાંડીતૂર બની છે.. સાથે જીલ્લાની તમામ નદીઓ બે કાંઠે વહી રહી છે.. તંત્ર દ્વારા નદી કાંઠે આવેલા તમામ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.

ડાંગ જીલ્લામાં ભારે વરસાદને કારણે અંબિકા, પૂર્ણા, ગીરા અને ખાપરી નદીમાં પૂરની સ્થિતિ સર્જાઇ છે. ત્યારે અંબિકા નદીમાં જળસ્તર વધતાં નદીના પ્રવાહમાં 10 જેટલા પશુ તણાયા હતા.. તો જિલ્લાના 10 કોઝ-વે ઉપર પાણી ફરી વળતા વાહનવ્યવહાર બંધ કરાયો છે. ડાંગ જિલ્લામાં પડેલા વરસાદને કારણે 16 માર્ગો બંધ છે.

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં સાડા પાંચ ઇંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.. જ્યારે ગરુડેશ્વર, તિલકવાડા, નાંદોદ અને ડેડિયાપાડામાં પણ ધોધમાર વરસાદ વરસ્યો હતો. સતત બે દિવસથી વરસેલા

ભારે વરસાદને કારણે સાગબારા તાલુકાનું નરવાડી ગામ સંપર્ક વિહોણું બન્યું છે.

ભરુચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં ધોધમાર વરસાદના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થયું છે. જીલ્લાના નદી-નાળા, તળાવ અને ચેકડેમ વરસાદી પાણીથી છલકાયા છે.

પાટણમાં સરસ્વતી તાલુકામાં છેલ્લા 24 કલાકમાં બે ઇંચ વરસાદ નોંધાયો હતો જ્યારે ચાણસ્મામાં પણ દોઢ ઇંચ જેટલો વરસાદ થયો હતો. આજે દિવસ દરમિયાન શહેરમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં વરસ્યા હતા.

તાપીમાં વરસી રહેલા ભારે વરસાદને પગલે જીલ્લાના અગ્ણોસિત્તેર (69) માર્ગો બંધ કરાયા છે.. કુકરમુંડા તાલુકાના ગોરાસા ગામે જળબંબાકારની પરિસ્થિતિ સર્જાઇ છે. કુકરમુંડા તાલુકાના અનેક ગામોમાં લોકોના ઘરોમાં પાણી ભરાયાં.. ગોરાસા ગામમાં લોકોના ઘરોમાં પાણી ઘુસી જતાં ઘરવખરીને નુકશાન થયું છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં આજ સવારથી અત્યાર સુધીમાં બે ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે.

મહીસાગર જિલ્લામાં પણ ભારે વરસાદ વરસી રહ્યો છે..

રાજકોટ જીલ્લામાં આજે સાત ઇંચ વરસાદ વરસ્યો..

# SHITLA SATAM

રાજ્યભરમાં આજે શીતળા સાતમની શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે.. ભક્તોએ શીતળા માતાજીની વિધિવત પૂજા-અર્ચના કરી હતી અને રિવાજ મુજબ આજના દિવસે ઠંડુ ખાવાનું ખાધુ હતું.. જેમાં લોકોએ ગઇકાલે રાંધણછઠ્ઠના દિવસે બનાવેલ અવનવી વાનગી જેમ કે, થેપલા, હાંડવો, વડા, પૂરી, મોહનથાળ, મગસ, સેવ જેવી ખાદ્ય ચીજો આરોગી હતી.

સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રામાં આવેલા 215 વર્ષ જુના શીતળા માતાના મંદિરમાં સાતમનો મેળો ભરાય છે. જેમાં, હજારો લોકોએ માતાજીને શ્રીફળ, ચુંદડી, નેણા-કુલા, માતાજીની આંખ, જીભ, તેમજ ચોટલો પણ ચ઼ડાવ્યો હતો.

સાબરકાંઠા જિલ્લામાં આજે શીતળા માતાના મંદિરમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. લોકોએ આજે ઠંડુ ખાઈને શીતળામાતાના વ્રતનુ પાલન કર્યું હતું.

મહેસાણા જિલ્લાના મંદ્રોપુર ગામે આજે શીતળા સાતમનો પરંપરાગત મેળો ભરાયો. ભાવિકોએ શીતળા માતાને સુખડી અને શ્રીફળનો પ્રસાદ ચડાવી મેળાની મોજ માણી હતી. તો ઊંઝા, બહુચરાજી, વિજાપુર સહિતનાં સ્થળોએ પણ પરંપરાગત રીતે શીતળા સાતમની ઉજવણી કરવામાં આવી..

મહીસાગર જિલ્લામાં બહેનોએ શીતળા માતાને દૂધ પાણીનો અભિષેક કરી પ્રસાદમાં લાડુ ધરાવી પૂજા-અર્ચના કરી..

ભાવનગરમાં શીતળા માતાના મંદિરે ભાતીગળ લોકમેળો યોજાયો..

# JANMASHTMI TAIYARI

સમગ્ર દેશ સહિત રાજ્યભરમાં આવતીકાલે શ્રીકૃષ્ણ ભગવાનની જન્માષ્ટમી પર્વની ઉજવણી કરાશે. આવતીકાલે રાત્રે બાર વાગ્યે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી રાજ્યના કૃષ્ણમંદિરોમાં કરવામાં આવશે. જેને લઇને, જગતમંદિર દ્વારકા, ડાકોર, શામળાજી સહિતના કૃષ્ણમંદિરોમાં તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. ભગવાનના વધામણા કરવા ભક્તો સૌ આતુર છે..

ત્યારે જગતમંદિર દ્વારકામાં જન્માષ્ટમીના તહેવારને લઇને તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આ અંગે વધુ વિગતો આપે છે અમારા પ્રતિનિધી કરણ જોષી...

**(બાઇટ- કરણ જોષી)**

કૃષ્ણમંદિર ડાકોરમાં પણ કૃષ્ણ જન્મોત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વધુ વિગતો આપે છે અમારા પ્રતિનિધી જનક જાગીરદાર...

**(બાઇટ- જનક જાગીરદાર)**

યાત્રાધામ શામળાજી ખાતે જન્માષ્ટમીની ઉજવણી હર્ષોલ્લાસ સાથે કરવામાં આવશે. તૈયારીઓના ભાગરૂપે શામળાજી મંદિરને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યું છે... સાથે જ મંદિરમાં લેઝર શો પણ શરૂ કરાશે. લાખોની સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવતા હોવાથી પોલીસનો પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે...

આ ઉપરાંત, સોમનાથ પાસે આવેલ શ્રી ભાલકા મંદિર, શ્રી લક્ષ્મીનારાયણ મંદિર તથા ગીતા મંદિર ખાતે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વહેલી સવારે છ વાગ્યે મંદિર ખોલવામાં આવશે અને કૃષ્ણ જન્મોત્સવ મહાપુજાન રાત્રીના 11 વાગ્યે કરવામાં આવશે.

# LOK MELA

રાજકોટના રેસકોર્સ મેદાન ખાતે ધરોહર લોકમેળો યોજાયો હતો. જેમાં આનંદ પ્રમોદની પ્રવૃતિઓ સાથે લોકોમાં જાગૃતિ આવે એ માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સરકારના વિવિધ વિભાગોના સ્ટોલ મૂકાયા હતા. જેમાં NDRF અને SDRFના ડોમ પણ મૂકાયા છે. નાગરિકોને આગ, પૂર કે ભૂકંપની સ્થિતિમાં રાખવાની તકેદારી તેમજ સ્વબચાવ વિશે માહિતી આપવામાં આવી રહી છે.

જેતપુરમાં જન્માષ્ટમીનો લોકમેળો ખુલ્લો મુકવામાં આવ્યો.. જેનુ સૌરાષ્ટ્રમાં અનોખુ મહત્વ છે. લોકોની સુરક્ષા માટે મેળામાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવામાં આવ્યો છે. વહીવટીતંત્ર દ્વારા સમગ્ર મેળામાં સી.સી.ટી.વી ની બાજ નઝર રાખવામાં આવી છે. બીજી તરફ ફાયર સેફટીને લાગતી તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

ભરૂચ શહેરમાં છેલ્લા અઢીસો વર્ષથી ઉજવાતા ચાર દિવસીય મેઘરાજા-છડી મહોત્સવનો આજથી પ્રારંભ થયો છે. આજે સાતમ નિમિત્તે ભોયવાડ સ્થિત ઘોઘારાવ મંદિરમાં પરંપરાગત રીતે પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું. ભોઈ સમાજના મેઘ અને છડી ઉત્સવ સાથે ખારવા અને વાલ્મિકી સમાજના છડી મહોત્સવનો પણ પરંપરાગત પ્રારંભ થયો છે.